## વડીલોને વંદન અભિનંદન



ડૉ.કેશુભાઈ દેસાઈ
(૧૯૪૯)મો.૯૮૭૯૫૪૩૧૩૨

# મોડાસાનુ તાપમાન સપ્તાહ દરમિયાન સરેરાશ ૪૩ ડીગ્રી રહેતાં નગરજનો શેકાયા

મોડાસા, તા. ૨

ઉનાળાએ વિકરાળ સ્વરૂપ ધારણ કીર તાપમાનનો પારો સતત ઉંચો જઈ રહ્યો છે. ઉનાળાની ઋતુ ટોગીયરમાં આવી ચુકી હોવાથી રાજ્યની સાથે સાથે અરવલ્લી જિલ્લામાં પણ હીટવેવની અસર જોવા મળી રહી છે. હવામાન વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર જૂનની ૫ તારીખ સુધી સતત ગરમીનો પારો ઉંચો રહેવાનો હોવાથી વાતાવરણમાં ગરમીનો પ્રકોપ યથાવત રહેશે. ચાલુ સપ્તાહે મોડાસાના નગરજનોએ તાપથી બચવા ઘરમાં પુરાઈ રહેવાનુ મુનાસિબ માન્યુ હતુ. જ્યારે જેમના પરિવારમાં લગ્ન લેવાયા હતા તેવા જીલ્લાવાસીઓ ન છૂટકે ધોમધખતા ગરમીમાં શેકાતા નજરે પડી રહ્યાં છે.

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં છેલ્લા સપ્તાહ દરમિયાન તાપમાન દિવસે દિવસે ઉંચકાતાં બુધવારે તો ૪૪ ડીગ્રી સે. સુધી પારો પહોંચી ગયો હતો. અને બાકીના દિવસો દરમ્યાન સરેરાશ તાપમાન પણ ૪૩ ડિગ્રી રહેતાં મોડાસાના નગરજનો ગરમીથી તોબા પોકારી ઉઠ્યા હતા. ગરમીનો પારો ૪૩ ડીગ્રીની આસપાસ રહેતા પંખા અને કુલરની ઠંડકની કોઈજ અસર અનુભવાતી ન હતી. મોડાસા શહેરમાં દરરોજ બપોરના સમયે તો જાણે કુદરતે કરફ્યુ જાહેર કર્યો હોય તેમ લોકો આગ ઓકતી ગરમીથી બચવા ઘરોમાં, ઓફિસમાં પુરાઈ રહેતાં માર્ગો ઠેર-ઠેર સુમસામ ભાસતા હોય છે. જ્યારે બીજીબાજુ વૈશાખ મહિનો એટલે લગ્નસીઝનનો મહિનો હોવાથી જેમના ઘરે લગ્ન હોય તેમણે નછુટકે આવા ધોમધખતા તડકામાં પણ ખરીદી કરવા બહાર નિકળવું પડતુ હોવાથી કેટલાક લોકો તો સનસ્ટ્રોકમાં સપડાઈ જાય છે. મોડાસા શહેરના બજારોમાં બપોરે ૧૨ થી ૪ વાગ્યા સુધી ખરીદદારોની અવરજવર નહિવત થઈ જતાં દુકાનદારો પણ બપોરના સમયે આરામ ફરમાવતા નજરે પડે છે. લોકો અસહ્ય ગરમીથી તોબા પોકારી ઉઠ્યા છે. ત્યારે હજુ ગરમીનો પારો ૪૫ ડીગ્રી સુધી પહોંચવાની હોવાનુ જાણવા મળી રહ્યું હોવાથી જિલ્લાના અને મોડાસા નગરના પ્રજાજનોને હિટવેવ સામે સતત જજુમવુ પડશે તેવુ લાગી રહ્યું છે. મોડાસાના પ્રજાજનો અગત્યના કામકાજ સિવાય ઘરના બારી-બારણા બંધ કરી નજરકેદમાં પુરાઈ રહેવાનું પસંદ કરતા નજરે પડી રહ્યા છે.



(તસવીર : જય અમીન, મોડાસા)


# મોડાસા-કડીયાવાડા માર્ગે ખાડા યથાવત : પ્રજા ત્રાહિમામ્

## રોડ પર પડેલા ખાડાઓ ન પુરાતા ખાડાઓમાં વાહનચાલકો ખાબકી રહ્યા છે

મોડાસા, તા. ૨

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરના બસસ્ટેન્ડથી કડીયાવાડા જવા માટેના રોડ પર છેલ્લા ત્રણ મહિનાથી ગટલાઈનનું કામકાજ શરૂ કરવામાં આવ્યુ છે. જે કોન્ટ્રાક્ટર દ્વારા માંડ માંડ પૂર્ણ કરવામાં આવ્યા બાદ માર્ગ પર પડેલા નાના ખાડાને જૈસેથે અવસ્થામાં છોડી દેવામાં આવતા કે પછી કામકાજમાં બેદરકારી દાખવવામાં આવી હોય પરંતુ આ નાના નાના ખાડાઓમાં મોડાસાના રાહદારીઓ ખાબકતાં શરીરે ગંભીર ઈજાઓ પહોંચતી હોવાથી આ ખાડાઓના કારણે કડીયાવાડા રોડ પરથી પસાર થવાનું મોડાસાના પ્રજાજનો ટાળી રહ્યાં છે.

મોડાસા શહેરના બસસ્ટેન્ડ સામે આવેલા માર્ગ પરથી કડીયાવાડા અને જુના વિસ્તારમાં જવા માટેના માર્ગ પર મોડાસા નગર પાલિકા દ્વારા માર્ગ પર ભરાતા પાણીના નિકાલ માટે ગટલાઈનનું કામકાજ ત્રણ મહિના અંતે હમણાં જ પૂર્ણ કરવામાં આવ્યું છે. પરંતુ આ ગટલાઈનના કારણે માર્ગ પર ખોડેલા ખાડાઓ અને ગટલાઈન પર રાખવામાં આવેલા ઢાંકણોની કોઈ યોગ્ય વ્યવસ્થા ન કરતાં પ્રજાજનોને જાનનું જોખમ રહેલુ હોય તેવું અનુભવી રહ્યા છે. કડિયાવાડા માર્ગ પર મોટી મોટી સાત ખાનગી હોસ્પિટલો અને હોલસેલ દુકાનો આવેલી છે. આ રોડ પર કામઅર્થે પસાર થતા કડીયાવાડા, ચોરા, ભાવસાર વાડા, કસ્બા વગેરે વિસ્તારના પ્રજાજનો ભયની લાગમી સાથે પસાર થતા જોવા મળે છે. જ્યારે અહીંથી પસાર થતા બાઈકચાલકોને ખાડાઓના કારણે બાઈક સ્લીપ ખાઈ જતાં શરીરે ગંભીર ઈજાઓ પણ થી હોય તેવા કિસ્સાઓ બન્યા હોવા છતાં નગરપાલિકા દ્વારા આ રોડનું કામકાજ પૂર્ણ ન કરાતાં પ્રજાજનોમાં રોષ ફેલાયો છે. ગઈકાલે એક વૃદ્ધ દંપતિ મોટરસાઈકલ લઈને ખાનગી દવાખાનામાં સારવાર કરાવવા જતા હતા ત્યારે કડીયાવાડા માર્ગ પર પડેલા ખાડાઓના કારણે બાઈકનું ટાયર સ્લીપ થઈ જતાં આ વૃદ્ધ દંપતિ બાઈક સાથે ખાડામાં ખાબક્યુ હતુ. જેના કારણે મહિલાને હાથે ફ્રેક્ચર થઈ ગયું હતું. કડીયાવાડા રોડ પરના દુકાનદારના જણાવ્યા અનુસાર અહીંથી પસાર થનાર બાઈકસવારોને ખાડાઓનું ધ્યાન ન રહેતા દિવસે એકાદ બાઈક સવાર તો ગબડી જ પડે છે. મોડાસા નગરપાલિકામાં રજૂઆત કરવા છતાં નગરપાલિકા દ્વારા કોઈ યોગ્ય પગલા ન ભરાતાં જાણે મોડાસા નગરપાલિકા ખાડાઓના કારણે કોઈ પ્રજાજનો ભોગ લેવાયા બાદ જ જાગશે તેવુ લાગી રહ્યું છે.



(તસવીર : જય અમીન, મોડાસા)

## મંગળવારે પાલજ ખાતે નિ:શુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરના પાલજ ગામે અર્બન હેલ્થ સેન્ટર ખાતે મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા તા. ૫મી મે મંગળવારે સવારે ૯ થી ૧૨ વાગ્યા દરમ્યાન નિ:શુલ્ક સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં આંખો, ડાયાબીટીશ, બાળરોગ, સ્ત્રીરોગ તથા દાંતના રોગોની તપાસ નિષ્ણાંતો દ્વારા કરવામાં આવશે. આ નિદાન કેમ્પનો લાભ લેવા તમામ પ્રજાજનોને આરોગ્યવિભાગ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

## બામણા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજનું ગૌરવ

ભિલોડા, તા.૨

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,પાટણ ધ્વારા તાજેતરમાં લેવાયેલ પરીક્ષામાં બી.એ.સેમેસ્ટર-૧નું ૮૬ ટકા અને બી.એ.સેમેસ્ટર-૩ નું ૮૩ ટકા પરીણામ આવેલ છે. બામણા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓની તાજેતરમાં લેવાયેલ પરીક્ષામાં વિરાટ સિધ્ધી વિદ્યાર્થીઓએ હાંસલ કરતાં બામણા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજનું ગૌરવ વિદ્યાર્થીઓએ વધારતાં આનંદની લાગણી પ્રસરી છે. બામણા-પુનાસણ મધ્યસ્થ સ્કુલ કેળવણી મંડળ પ્રમુખ હસમુખભાઈ ત્રિવેદી, મંત્રી જગદીશભાઈ જોષી, બામણા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ આચાર્ય કલ્પનાબેન પટેલ, સ્ટાફ પરીવારે વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા.



ભિલોડા એસ.ટી.બસ સ્ટેન્ડમાં ગુજરાત રાજ્યના ૫૫માં સ્થાપના દિનની ઉજવણી નિમિત્તે એસ.ટી.બસ સ્ટેન્ડમાં સફાઈ અભિયાનનો કાર્યક્રમ યોજાયો હતો.ભિલોડા એસ.ટી.બસ ડેપો મેનેજર અનિલકુમાર પરમાર,સ્ટાફ પરીવાર ઉપસ્થિત રહ્યો હતો.સ્વચ્છ ભારત,સ્વચ્છ ગુજરાતના અભિયાન હેઠળ ભિલોડા એસ.ટી.બસ સ્ટેન્ડમાં સફાઈ અભિયાનનો કાર્યક્રમ યોજાયો હતો.

## ખેડબ્રહ્માના લાંબડીયા ગામેથી ૩ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

ખેડબ્રહ્મા, તા. ૨

ખેડબ્રહ્મા તાલુકાના લાંબડીયા ગામે આજે બપોરે ૨.૩૦ વાગ્યાના સુમારે એક મહિન્દ્રા જીપ ગાડી નં. જીજે-૨-૭૪૬૫ માંથી આરોપી પોપટભાઈ ખોજીભાઈ ગમાર અને રાવજીભાઈ ભેરાભાઈ ગમાર પાસેથી પરમીટ વગરની વ્હીસ્કીની બોટલ નંગ ૩૯ જેની આશરે કિંમત રૂ. ૩,૦૪,૬૮૦ અને બિયર બોટલ નંગ ૯૫ જેની આશરે કિંમત રૂ. ૧૪૨૫૦નો મુદ્દામાલ ઝડપાયો હતો. પોલીસે ગ્રામ્ય વિસ્તારમાં વૉચ રાખીને આ દારૂ ઝડપી પાડ્યો છએ. જેની વધુ તપાસ ખેરોજ પોલીસ સ્ટેશનના પીએસઆઈ સી.વી. નાયક ચલાવી રહ્યા છે.

# કાંકરેજ તાલુકાના આકોલી ઠાકોરવાસ ખાતે કૃષિ મહોત્સવ યોજાયો

પાલનપુર, તા.૨

સમગ્ર બનાસકાંઠા જીલ્લામાં ઉત્સાહભર્યા માહોલમાં કૃષિ મહોત્સવ યોજાઈ રહ્યો છે. કાંકરેજ તાલુકાના આકોલી ઠાકોરવાસ ખાતે અગ્રણીઓ અને અધિકારીશ્રીઓની ઉપસ્થિતીમાં કાર્યક્રમ યોજાયો હતો. આ -સંગે -ાસંગીક -વચન કરતાં કૃષિ વૈજ્ઞાનીક ડો. ડી.કે.પટેલે જણાવ્યું હતું કે આજના વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસના આ યુગમાં આધુનિક અને વૈજ્ઞાનીક ખેત પધ્ધતિઓ વડે આયોજનપૂર્વક ખેતી કરીએ તો સારૂ ખેત ઉત્પાદન મેળવી શકાય છે. તેમણે કહ્યુ કે, કૃષિ મહોત્સવમાં વૈજ્ઞાનિકો ધ્વારા ખેડુતો અને પશુપાલકોને સુંદર માહિતી અને માર્ગદર્શન આપવામાં આવે છે જેનાથી ખેડુતોમાં ખુબ જાગૃતિ આવી છે અને ખેડુતો આધુનિક ખેતી તરફ વળ્યા છે. તેમણે જણાવ્યું કે ટપક અને ફુવારા પધ્ધતિ અપનાવવાથી ઓછા પાણીથી વધુ વિસ્તારમાં ખેતી કરી શકાય છે. જેથી ખેડૂતમિત્રોએ આ પધ્ધતિનો ઉપયોગ કરવો જોઈએ.

જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી મનીષ જોષીએ જણાવ્યું હતુ કે કૃષિ મહોત્સવ અભિયાનના લીધે ખેડુતો આધુનિક ખેતી કરતા થયા છે. પરિણામે ખેડૂતો અને પશુપાલકોની આવક અને સુખાકારીમાં બહુ સારી -ગતિ જોવા મળે છે. તેમણે કહ્યું કે આજે બનાસકાંઠા જિલ્લામાં મોટાભાગના ખેડુતો ટપક અને ફુવારા પધ્ધતિથી ખેતી કરીને ઓછા પાણીએ વધુ ઉત્પાદન મેળવે છે. શ્રી પટેલે કહ્યુ કે આ જિલ્લાના ખેડુતોએ ખેતીની સાથે પશુપાલન વ્યવસાયમાં પણ નોંધપાત્ર -ગતિ કરી છે.

આ કાર્યક્રમમાં કૃષિ વૈજ્ઞાનિકો ધ્વારા સુંદર માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ. કાર્યક્રમના સ્થળે સરકારશ્રીના વિવિધ વિભાગો દ્વારા લોકોને ઉપયોગી માહિતીસભર સ્ટોલ ગોઠવવામાં આવ્યા હતા. ઉપરાંત પશુપાલન વિભાગ દ્વારા પશુ આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ -સંગે અગ્રણીશ્રી વાઘેલા -વીણસિંહ, સરપંચશ્રી -હલાદસિંહ, તાલુકા અમલીકરણ અધિકારીશ્રી એમ.આર.ચૌધરી, મદદનીશ સંશોધક વૈજ્ઞાનીક ડો. શ્રી કે. જે. અંકોયા સહિત અધિકારીઓ, અગ્રણીઓ અને વિશાળ સંખ્યામાં ખેડુતો ઉપસ્થિત રહ્યા હતા.

# ખેડબ્રહ્મામાં જન આરોગ્ય સામે ખતરો ભેળસેળયુક્ત ખાદ્યપદાર્થોનું વેચાણ

ખેડબ્રહ્મા, તા. ૨

ખેડબ્રહ્મા તાલુકામાં આકરી ગરમીમાં બજારમાં વેચાતા શેરડીના રસ સહીત ખાણી-પીણી બજારની ભેળસેળયુક્ત આઈટમોથી રોગચાળાની દહેશત પ્રવર્તી છે. તંત્રકક્ષાએથી પણ કોઈ પગલા ન લેવાતા જનઆરોગ્યની સુખાકારી રામભરોસે છે.

ખેડબ્રહ્મામાં ગરમીની સીઝનમાં રોગચાળો ફેલાય તેવી દહેશત પ્રવર્તી છે. બજારમાં જાહેર આરોગ્યના પરિબળોને ધ્યાને રાખ્યા વિના ખુલ્લેઆમ ભેળસેળયુક્ત ખાણી-પીણીની આઈટમોનું વેચાણ થતુ હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. તાલુકા હેલ્થ અધિકારી પણ આ મામલે કોઈ પગલા ન લઈ આંખ આડા કાન કરી રહ્યા છે. લાયસન્સ વિના બજારમાં લારી-ગલ્લાઓ ધમધમી રહ્યા છે. ફૂડ એન્ડ ડ્રગ્સ ઈન્સ્પેક્ટર સહીત નગરપાલિકાના કર્મચારીઓ પણ હપ્તા વસુલી કરતા હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. આ સઘળી સ્થિતિ વચ્ચે સ્થાનિક રહીશોનું આરોગ્ય રામભરોસે હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે.

# મોડાસાના સાયરા ખાતે સ્વામી વિવેકાનંદ પરીક્ષાલક્ષી નિવાસી તાલીમવર્ગનું આયોજન

## લશ્કરમાં જોડાવા માંગતા ઉમેદવારો માટે ભરતી પૂર્વે તાલીમવર્ગમાં જોડાવાની અમૂલ્ય તક

મોડાસા, તા. ૨

આર્મી, એરફોર્સ, નેવી, અર્ધ લશ્કરીદળો, પેરામીલીટ્રી ફોર્સીસ તથા પોલીસ ફોર્સમાં જોડાવવા ઉમેદવારોને ભરતી પૂર્વે શારીરિક તેમજ માનસિક ક્ષમતા માટે જિલ્લા રોજગાર કચેરી, મોડાસા દ્વારા શ્રી એન.એસ. પટેલ હાઈસ્કૂલ સાયરા, તા. મોડાસા જી. અરવલ્લી ખાતે સ્વામી વિવેકાનંદ પરીક્ષાલક્ષી નિવાસી તાલીમ અંતર્ગત સંભવિત તા. ૧૫-૫-૨૦૧૫ થી તા. ૧૪-૬-૨૦૧૫ સુધી ૩૦ દિવસ માટે એક તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવનાર છે. તાલીમ દરમ્યાન વિના મૂલ્યે રહેવા તથા સવાર-સાંજ જમવાની સગવડ પુરી પાડવામાં આવશે. તાલીમ માટે હાજરીના ધોરણે નિયમોનુસાર સ્ટાઈપેન્ડ મળવાપાત્ર છે. તાલીમ દરમ્યાન રાત્રી રોકાણ ફરજીયાત છે.

આ તાલીમ વર્ગમાં એસ.એસ.સી. પાસ કે તેથી વધારે શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉંમર ૧૭/૧-૨- થી ૨૩ વર્ષ, ઉંચાઈ ૧૬૮ સે.મી., છાતી ૭૭ થી ૮૨ સે.મી. અને વજન ૫૦ કિ.ગ્રામ હોય તેવા શારીરિક ક્ષમતા ધરાવતા પુરૂષ ઉમેદવારોને તા. ૮-૫-૨૦૧૫ના રોજ સવારે ૮.૦૦ કલાકે શ્રી એન.એસ. પટેલ હાઈસ્કૂલ સાયરા, તા. મોડાસા જી. અરવલ્લી ખાતે ઉંમર, શૈક્ષણિક લાયકાતના અસલ પ્રમાણપત્રો, જાતિનો દાખલો સહિતના પ્રમાણપત્રની એક નકલ તેમજ પાસપોર્ટ સાઈઝના ફોટા સાથે સ્વખર્ચે હાજર રહેવું. તેમજ હાજર રહેલ ઉમેદવારોનું શારીરિક પરિક્ષણ કર્યા બાદ લાયકાતને પાત્રતા ધરાવતા ઉમેદવારોને તાલીમ માટે પસંદ કરવામાં આવશે એમ રોજગાર અધિકારી, મોડાસાની એક યાદીમાં જણાવાયું છે.

## શબ્દાવલી - ૫૭૧૯

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ■ | ૪ | ■ | ૫ |
| ૬ | | ■ | ૭ | | | | |
| ૮ | | | ■ | ■ | | ■ | ■ |
| ૯ | | ■ | ૧૦ | | | ૧૧ | |
| ૧૨ | | ૧૩ | | ■ | ■ | | ■ |
| ■ | ■ | | ■ | ૧૪ | | | ૧૫ |
| ૧૬ | ૧૭ | | ■ | | ■ | ૧૮ | |
| ૧૯ | | | | | | ■ | |

### આડી ચાવી

૧. અન્યાયી, કોઇના પક્ષમાં રહી તરફેણવાળુ વલણ (૪)
૬. સુંદર સ્ત્રી (૨)
૭. હાથમાં ચક્ર ધારણ કરનાર વિષ્ણુ (૫)
૮. દાયણ, દાઇ (૩)
૯. ઓજાર, રાચરચીલું (૨)
૧૦. યંત્રથી ઝપાટાભેર ગોળીઓ વરસાવતી ખાસ બંદુક (૫)
૧૨. રીઝવવું, મનાવવું (૪)
૧૪. જીવ અને માલલત્તા (૪)
૧૬. પ્રથમ માનવ (૩)
૧૮. ચાલવું, લટાર (૨)
૧૯. દોરાધાગા, મેલી વિદ્યા(૬)

### ઊભી ચાવી

૧. વિષ્ણુનો છઠ્ઠો અવતાર, એ નામના ઋષિ (૫)
૨. ભુલની માફી માગવી (૫)
૩. બાણ, સર (૨)
૪. પધારવું તે, આવવું (૪)
૫. અવાજ, બોલ (૨)
૧૦. ઉણપ, ખોટ (૨)
૧૧. ગરમી, ઉષ્ણતા (૪)
૧૩. મથવું તે, ગડમથલ (૪)
૧૪. જુલમી, નિર્દયી (૩)
૧૫. કાચની ગોટી, કંચા (૩)
૧૬. માલિક (૨)
૧૭. જીવ, આત્મા, શ્વાસ (૨)

### શબ્દાવલી ૫૭૧૮ના જવાબ

**આડી ચાવી :-** (૧) અવતાર (૪) પાપ (૬) કાજલ (૭) ફરસાણ (૯) વાણ (૧૦) તાજ (૧૧) પળી (૧૨) સરવાણી (૧૫) બીજવર (૧૭) એબ (૧૮) ડીમલાઇટ (૨૧) પુરીયા (૨૨) ખટમલ

**ઊભી ચાવી :-** (૧) અજવાળી (૨) વલણ (૩) રફતાર (૪) પાસા (૫) પણછ (૮) રજવાડી (૧૧) પરબીડીયુ (૧૩) કાવડીયા (૧૪) ગ્લોબ (૧૬) રમ (૧૭) એટમ (૧૯) લાખ (૨૦) ઇંટ

# પાલનપુરમાં ગૌરવ દિનની ઉજવણી કરાઈ

પાલનપુર, તા.૨

ગુજરાત ગૌરવદિનની ઉજવણી -સંગે બનાસકાંઠા જીલ્લાના પાલનપુર મુકામે વિવિધ કાર્યક્રમો યોજીને શાનદાર રીતે ઉજવણી કરવામાં આવી હતી. પાલનપુર ખાતે હાઈવે ઉપર આવેલ હોટલ લાજવંતીના કોન્ફરન્સ હોલમાં કલેકટરશ્રી દિલીપ રાણાના અધ્યક્ષસ્થાને સાંજે બાળશ્રમીક -થા નાબૂદી જિલ્લા કક્ષાનો સેમીનાર તેમજ ચિત્રસ્પર્ધા અને ખેલ મહાકુંભના વિજેતાઓનો સન્માન સમારોહ યોજાયો હતો. આ -સંગે કલેકટરશ્રી દિલીપ રાણાએ -ાસંગીક -વચન કરતાં જણાવ્યું હતું કે બાળ મજુરી વિશે ગંભીરતાથી વિચારીને આ દૂષણને દૂર કરવા સૌ સાથે મળી -યાસો કરીએ. તેમણે કહ્યું કે આપણે બનાસકાંઠા જીલ્લાને બાળમજુરીના દૂષણથી મુકત બનાવીએ. કલેકટરશ્રીએ કહ્યું કે જે લોકો બાળમજૂરોને રાખે છે તેમને કાયદાનું ભાન કરાવવા રેડ પાડીને કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે. તેમણે કહ્યું કે આજના ગૌરવદિન -સંગે બાળમજુરીના દૂષણને દૂર કરવા સંકલ્પ લઈ સક્રિય -યાસો કરીએ. કલેકટરશ્રીએ કહ્યું કે બાળકોને બાળમજુરીના બદલે શાળામાં મોકલી સરસ ભણાવીએ જેનાથી પરીવાર અને સમાજમાં સુખ શાંતિ આવશે.

જીલ્લા વિકાસ અધિકારીશ્રી એચ.કે.પટેલે જણાવ્યું હતું કે બાળકોને નિયમિત શાળાએ જતાં કરવાં જોઈએ તેમજ બાળકનો અભ્યાસમાં રસ કેળવાય અને -ોત્સાહન મળે તે માટે વાલીઓ, શિક્ષકો અને દરેકે -યત્નો કરવા જોઈએ. જેનાથી બાળક ભણવામાં ધ્યાન આપશે પરિણામે બાળ મજુરીનું દૂષણ અટકાવી શકાશે. તેમણે કહ્યું કે કોઈપણ જગ્યાએ બાળ શ્રમીકને જુઓ તો તરત જ સંબંધીત અધિકારીને જાણ કરી બાળકને મુકત કરીએ. આ -સંગે ચિત્રસ્પર્ધા અને ખેલ મહાકુંભના વિજેતાઓનું મહાનુભાવોના હસ્તે સન્માન કરી શીલ્ડ આપવામાં આવ્યા હતા.

આ -સંગે વેપારી મહા મંડળના -મુખશ્રી જયંતીભાઈ પટેલ, તાલુકા પંચાયતના -મુખશ્રી ધનજીભાઈ, જીલ્લા કક્ષાના અધિકારીઓ સહીત અગ્રણીઓ, વિજેતા બાળકો અને વિશાળ સંખ્યામાં નગરજનો ઉપસથિત રહ્યા હતા.

## બે સ્થળોએ આગ

● અનુસંધાન પહેલાનું ચાલુ

મારો ચલાવી આગ કાબુમાં લઈ લીધી હતી. આ આગ દુર્ઘટનામાં પણ નસીબજોગે કોઈને ઈજા કે જાનહાની થવા પામી ન હતી. જુના સચિવાલય બ્લોક નં. ૧ માં હોમીયોપેથી વિભાગમાં લાગેલી આગમાં કોમ્પ્યુટર, એસી અને ફર્નિચર બળીને ખાખ થઈ ગયું હતું. તો બીજી તરફ કૃષિ ભવનમાં લાગેલી આગમાં ખુબ મોટુ નુકશાન થવા પામ્યું હતું. તેમાં કોન્ફરન્સ હોલમાં પડેલી ૧૦૦ થી વધુ ખુરશીઓ, ૬ એ.સી., સાઉન્ડ સીસ્ટમ, વાયરીંગ, લોબીના ૬ પંખાઓ તથા કોન્ફરન્સ હોલનું ફર્નિચર મળી અંદાજે ૨૫ લાખનું નુકશાન થવા પામ્યું છે.

## આ ચોમાસુ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અનુરાધા શનિએ દેશમાં ભારે વરસાદ વરસાવેલ. આ ચોમાસામાં ગુરૂનું ભ્રમણ પણ સિંહ રાશિમાં છે જે ચોમાસા માટે સારા લક્ષણો જણાય.

૧૯૮૬માં શનિ ગ્રહ અનુરાધા નક્ષત્રમાં હતો ત્યારે દેશના ભાગોમાં દુષ્કાળ પડેલ. આમ છતાં શનિગુરૂના ભ્રમણો ચોમાસાના સંજોગોને ઉજળા કરે છે. વળી સુર્ય મંગળના ભ્રમણો અગાઉના વર્ષોમાં એક રાશિમાં રહ્યા હોવા છતાં અછતની ટકાવારીના વર્ષો ઘણા ઓછા રહ્યા હતા. આમ શનિ-ગુરૂ-મંગળના ભ્રમણો દુષ્કાળ ઉત્તેજક ગણાતા નથી પરંતુ ગંગા જમનાના મેદાનો તપે અને વિષુવવૃત્તથી લંકા ઉપર થઈને ચોમાસુ દેશ તરફ આગળ વધે તે પછી જ સાચા ચોમાસા અંગે કહી શકાય. આંધી અંગે જોતા આગામી બે ત્રણ દિવસમાં પવન ફુંકાય અને ધુળભરી આંધીઓ આવે. મે તા. ૫ થી ૭માં પવન ફુંકાવાથી ગરમીમાં થોડો ઘટાડો થવાની વકી રહે. જયારે તા. ૧૫ મે સુધીમાં આંધી પવન સાથે છાંટા થવાની વકી રહે. આમ હાલમાં ચોમાસાની ગતિવિધિ બાષ્પીભવનના વરાળના જથ્થાને ગણતરી લેતા ચોમાસુ ૧૦૦ ટકાથી વધુ જણાય છે.

# કામદાર-મજુર કે કર્મચારી રાખનાર ધંધાદારીઓ જોગ

ગાંધીનગર જિલ્લામાં આવેલ બિલ્ડરો, હોટલ, રેસ્ટોરન્ટ, શો રૂમ, કંપનીઓ, કારખાના, સ્કુલ કોલેજ, ધર્મશાળા, ધર્મ સ્થળ, મલ્ટીપ્લેક્ષ થિયેટર, શોપીંગ મોલ, દુકાન, આંગડિયા પેઢી, જવેલર્સ, કુરિયર કંપનીઓ તેમજ કોઈ પણ વસ્તુની એજન્સી લેનાર વ્યકિત, લેબર કોન્ટ્રાકટ રાખનાર વ્યક્તિઓ અને માલિકો જયારે કોઈ વ્યક્તિને મજૂર કે કામદાર તરીકે રાખે ત્યારે તેની જાણ સંબંધિત પોલીસ સ્ટેશનમાં કરવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ શ્રી વી.જી. કાલરિયાએ એક જાહેરનામુ બહાર પાડીને હુકમ કર્યો છે. જાહેરનામામાં અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ જણાવ્યું છે કે, ગાંધીનગર ખાતે માન. રાજયપાલશ્રી, માન. મુખ્ય મંત્રીશ્રી, મંત્રીશ્રીઓ તેમજ અન્ય મહાનુભાવોશ્રીઓના નિવાસસ્થાન આવેલા છે. ગુજરાત વિધાનસભા અને રાજયની અગત્યની કચેરીઓ પણ આવેલી છે. તેમની સુરક્ષા વ્યવસ્થા જાળવણી ખૂબ જ જરૂરી છે. ગાંધીનગર શહેર અને જિલ્લામાં ઘાડ, લુંટ, ખુન, ઘરફોડ ચોરી જેવા મિલ્કત વિરૂધ્ધના અને શરીર સંબધિ ખુબ જ ગંભીર -કારના ગુનાઓ બને છે. ગુનાઓમાં ઘણી વખત ગાંધીનગર ખાતે બહારથી પર-ાંતના મજુર અર્થે કે કર્મચારી તરીકે આશરો મેળવી પોતાની -વૃત્તિને અંજામ આપી જતા રહેતા હોવાનું અમુક બનાવોથી તેમજ અનુભવે માલૂમ પડ્યું છે.

ટચૂકડી જાહેર ખબર

**ભાડે આપવાનો છે**

3-BHK ફ્લેટ, ગેસ કનેક્શન સાથે, પહેલા માળ, સિદ્ધાર્થ રેસિડેન્સી, ઘ-૩થી માત્ર 3-KM, ન્યુ વાવોલ, ગાંધીનગર

ભાડુ : રૂ. ૬૦૦૦/-

મો. : ૯૯૨૫૨ ૧૦૩૫૨

મો. : ૯૫૧૦૨ ૬૭૪૪૦

## જાહેર નિવિદા

નિયામકશ્રી, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રની કચેરી, સેક્ટર નં.૧૮, ગાંધીનગરની કચેરીની તથા તેની સંલગ્ન કચેરીઓ જેવી કે જિલ્લા વસતિ ગણતરી પુસ્તિકા એકમ, ગુજરાત સામાજીક આંતરમાળખાકીય વિકાસ સોસાયટી તથા મૂલ્યાંકન કાર્યાલય, ગાંધીનગરની કચેરીઓની અ, બ અને ક વર્ગની પસ્તીનો નિકાલ કરવાનો હોય રસ ધરાવતી સ્થાનિક એજન્સીઓ પાસેથી ભાવો મંગાવવામાં આવે છે. સદર કામગીરીનું ટેન્ડર કચેરી સમય દરમિયાન ટેન્ડર ફી ભરીને મેળવી શકાશે. જે નોન રીફંડેબલ રહેશે. આ કામગીરીના ભાવ બંધ કવરમાં નિયામકશ્રી, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી, સેક્ટર નં.૧૮, ગાંધીનગરના નામ જોગ જાહેરાત પ્રસિદ્ધ થયાની તારીખથી દિન-૭માં મોકલી આપવા જણાવવામાં આવે છે. બંધ કવર ઉપર 'પસ્તીના ભાવ' એમ દર્શાવવાનું રહેશે.

તારીખ : ૧-૫-૨૦૧૫
સ્થળ : ગાંધીનગર
માહિતી/૨૪૬/૨૦૧૫-૧૬

સહી/-
સંયુક્ત નિયામક (PLM-5)
અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર, ગાંધીનગર